ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

કર્મચારીઓના માસ સીએલ કાર્યક્રમથી કચેરીમાં સન્નાટો

જિલ્લા વહીવટી તંત્ર ઠપ્પ થયુ

જન સેવા કેન્દ્ર અને ઇ ધારા સહીતની મહેસુલી કામગીરી પણ ખોરવાઇ : મામલતદાર એસો તરફથી પણ લડતને ટેકો જાહેર કરાયો : જિલ્લા કલેકટર કચેરીમાં અનોખો સન્નાટો છવાયો

ગાંધીનગર તા ૧૯

વિધાનસભાની ચુંટણી નજીકમાં છે ત્યારે સરકાર આંદોલનકારીઓથી ઘેરાયેલી છે. આરોગ્ય કર્મચારી, વન કર્મચારીઓ, શિક્ષકો ઉપરાંત કર્મચારીઓ વિવિધ માંગણીને લઇ સરકાર સામે મોરચો માંડયો છે. ગ્રેડ પે, રજા પગાર, ભરતી અને બઢતી પ્રક્રીયા સહીત પેન્શન યોજના સહીતના અનેક પ્રશ્નો ઉકેલવા સરકાર સમક્ષ રજુઆતો થઇ રહી છે. ત્યારે જુની પેન્શન યોજના લાગુ કરવા સહીતની માંગણીઓ સંદર્ભે ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીના ૨૧૦ જેટલા કર્મચારીઓ માસ સી એલ પર ઉતરી ગયા હતા. રાજય મહેસુલી કર્મચારી મંડળ દ્વારા પણ જુની પેન્શન યોજના સહિતની માંગણીઓ સંદર્ભે ચાલુ આંદોલનને ટેકો જાહેર કરાયો છે. જયારે મહેસુલી મંડળના નેજા હેઠળ ગાંધીનગર કલેકટર કચેરી ઉપરાંત જિલ્લાની ચારેય મામલતદાર કચેરીના કર્મચારીઓ આજે માસ સી એલ પર ઉતરી ગયા હતા કર્મચારીઓની મુખ્ય માંગણી જુની પેન્શન યોજનોનો અમલ કરવા બુલંદ બની છે. જયારે માસ સી એલ ના કાર્યક્રમના લીધે આજે દિવસ દરમિયાન જિલ્લા કલેકટર કચેરીમાં પણ સન્નાટો પ્રવર્તયો હતો. કચેરીમાં જાણે રજાના દિવસ જેવો સુનકાર જોવા મળ્યો હતો. બીજીતરફ જમીન મહેસુલ સંબંધિત તમામ કામગીરી પણ ખોરંભે ચઢવા સહીત વહીવટી તંત્ર જાણે ઠપ્પ થઇ ગયુ હતુ.

વિધાનસભાની ચુંટણી પુર્વે સરકારી કર્મચારીઓ આંદોલનના મુડમાં જોવા મળી રહ્યા છે. લાંબા સમયથી પડતર માંગણીઓ ઝડપથી સંતોષાય તેવી બુલંદ માંગ સાથે કર્મચારીઓ આંદોલનની રાહે છે. અગાઉ આંદોલના મોકુફ રાખવાની જાહેરાતના અંતે પણ માંગણીઓ ન સંતોષાતા કર્મચારીઓમાં પણ આક્રોશ જોવા મળી રહ્યો છે. ગત દિવસોમાં શિક્ષકો સહીત સરકારી કર્મચારીઓ પણ માસ સી એલ પર ઉતર્યા હતા.

સચિવાલય સંકુલમાં પણ કર્મચારીઓ સરકાર વિરોધી સુત્રો પોકારતા નજરે પડયા હતા. જુની પેન્શન યોજના સહીતની માંગણીઓ સદર્ભે મહેસુલી કર્મચારી મંડળ દ્વારા પણ આંદોલનને ટેકો જાહેર કરાયો હતો.જેના લીધે ગાંધીનગર કલેકટર કચેરીમાં પણ છેલ્લા બે દિવસથી ૨૦૦ થી વધુ કર્મચારીઓ વર્ક ટુ રૂલ પર ઉતરી ગયા હતા. કચેરીના સમય સિવાય કોઇ વધારાની કામગીરી થતી ન હતી. જયારે આજે કર્મચારીઓ માસ સી એલ પર ઉતરી જતા જિલ્લા વહીવટી તંત્રની કામગીરી ઠપ્પ થઇ ગઇ હતી. માસ સી એલના કાર્યક્રમ દરમિયાન કર્મચારીઓએ જુની પેન્શન યોજનાના અમલની માંગણી વધુ બુલંદ સ્વરૂપે ઉભરી હતી.

જયારે આજે કલેકટર કચેરીના કર્મચારીઓ એક સાથે માસ સી એલ પર ઉતરી જતા વહીવટી તંત્રની કચેરીમાં પણ અનોખો સન્નાટો જોવા મળ્યો હતો. કર્મચારીઓની ગેરહાજરી વચ્ચે અધિકારી વર્ગની હાજરી રહી હતી પરંતુ કર્મચારીઓ વિના કામગીરી આગળ વધી શકી ન હતી. ઇ ધારા અને જનસેવા કેન્દ્રમાં પણ કામગીરી ઠપ્પ થઇ હતી.

આવા સંજોગોમાં કલેકટર કચેરીની મુલાકાતે આવતા અરજદારોએ પણ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. કચેરીમાં કોઇ ન હોવાથી અરજદારોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. જયારે પ્રાંત કક્ષાએ તકરારી કેસો સંદર્ભે પણ મુદત પાડવામાં આવી હતી. મામલતદાર ઓસોસિએશન કક્ષાએથી પણ કર્મચારીઓની આ લડતને ટેકો આપવામાં આવ્યો છે. જુની પેન્શન યોજના સંદર્ભે કર્મચારીઓનો અવાજ બુલંદ બન્યો છે. માસ સી એલ ના કાર્યક્રમના લીધે આજે જિલ્લા વહીવટી તંત્ર ઠપ્પ થઇ ગયુ હતુ કચેરીઓમાં સન્નાટા વચ્ચે દિવસ દરમિયાન માસ સી એલ નો કાર્યક્રમ પણ ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો.

દહેગામ તાલુકાના પોકસોના ગુન્હામાં આરોપીને ૨૦ વર્ષની કેદની સજા

ગાંધીનગની સ્પે પોકસો કોર્ટે આરોપીને સજાના આદેશ કર્યો

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લિહોડા ગામમાં સગીરાને અવાવરુ જગ્યાએ લઇ જઇ સંભોગ કરવાના કેસમાં ગાંધીનગરની સ્પે પોકસો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. જયારે કોર્ટે આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ચુકવવા પણ આદેશ કર્યો છે. આરોપી દંડની રકમ ન ભરે તો વધુ છ માસની કેદની સજા ભોગવવાની રહેશે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૩૦ ડિસેમ્બર વર્ષ ૨૦૧૯ ના રોજ દહેગા તાલુકાના લિહોડા ગામમાં આ કેસના આરોપી દશરથસિંહ ઝાલા રહે પાનાનામુવાડાએ સવારે ૭ વાગ્યાના અરસામાં શાળાની બાજુમાં સ્થિત નેમપુરાની નાળા પાસે શૌચક્રીયા માટે ગયેલી ધો - ૯ની વિદ્યાર્થીની પાસે ગયો હતો જયારે તેની સાથે આરોપી વિજયસિંહ ઝાલા પણ હતો. આ દરમિયાન આરોપીઓ તેણીને નજીકમાં અવાવરી જગ્યાએ લઇ ગયા હતા આ દરમિયાન આરોપીઓએ તેણીની મરજી વિરુધ્ધ સંભોગ કર્યો હતો. જયારે આરોપી વિજયે પણ મદદગારી કરી હતી. સગીરાની શાળામાં ભાળ ન મળતા શાળાના આચાર્યએ સગીરાના પિતાને ફોન કર્યો હતો. તેણીના પિતા શાળાએ પહોંચ્યા હતા જયાં તેણીનુ દફતર પડયુ હતુ પરંતુ ભોગ બનનાર વિદ્યાર્થીની સ્કુલમાં હાજર ન હતી. જેના અંતે તેણીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી આ દરમિયાન સગીરા ગામના એક બોરકુવા પાસે બેઠેલી નજરે પડી હતી. જેના અંતે સમગ્ર હકીકત સામે આવી હતી. આ મામલે ભોગ બનનારના પિતાએ રખિયાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઓરોપીઓની ધરપકડ કરી ગાંધીનગરની કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ જયારે આ કેસ ગાંધીનગરની સ્પે પોકસો કોર્ટમાં

● અનુસંધાન પાન-૭ પર

માલધારીઓના વિરોધના પગલે ઢોર નિયંત્રણ વિધેયક પરત ખેંચાશે

માલધારીઓના વ્યાપક વિરોધ બાદ સરકારે વિધેયક પરત ખેંચવાનો નિર્ણય કર્યો : રખડતા ઢોર નિયંત્રણ મામલે સરકારની નિષ્ફળતા છતી થઇ

ગાંધીનગર, તા. ૧૯

ઢોર નિયંત્રણ વિધેયક (પ્રસ્તાવિત કાયદા)નો રાજયભરના માલધારી સમાજે વ્યાપક વિરોધ કરાતા આગામી દિવસોમાં યોજાનારા વિધાનસભા સત્રના પહેલા જ દિવસે તેને પરત ખેંચી લેવામાં આવશે.

વ્યાપક વિરોધની સામે સરકાર ઝુકી ગઈ છે. રાજયપાલની સહી માટે મોકલવામાં આવેલુ વિધેયક પરત મોકલાતા તેને પરત ખેંચી લેવાશે.

શહેરી વિસ્તારમાં રખડતા ઢોર અને તેના કારણે સર્જાતી સમસ્યાઓ મામલે હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યુ હતુ. રખડતા ઢોરના કારણે કેટલાક નાગરિકોનો જીવ પણ ગયો હતો. આ મામલે હાઈકોર્ટે કડક વલણ અપનાવતા ગત વિધાનસભા સત્ર દરમ્યાન સરકારે ઢોર નિયંત્રણ વિધેયક વિધાનસભામાં રજૂ કર્યુ હતુ. આ વિધેયક અનુસાર રખડતા ઢોરના માલિક સામે દંડનીય કાર્યવાહીથી લઈને શહેરી વિસ્તારમાં ઢોર રાખવા લાયસન્સની જરૂરીયાતનો સમાવેશ કરાયો હતો. આ વિધેયકને જ્યારથી વિધાનસભામાં પસાર કરાયુ હતુ ત્યારથી જ સરકારને વિરોધનો સામનો કરવો પડી રહ્યો હતો. સમગ્ર માલધારી સમાજે તેનો એકી અવાજે વિરોધ કરી સરકાર સામે આંદોલનનું રણશીંગુ ફૂંક્યું હતુ. રવિવારે ગાંધીનગરના સેરથા ખાતે એકત્ર થયેલા માલધારી સમાજે આગામી ૨૧મી તારીખે દૂધનું વિતરણ નહી કરવાનો નિર્ણય લીધો હતો. આગામી દિવસોમાં વધુ ઉગ્ર કાર્યક્રમો યોજવાની ધમકી ઉચ્ચારવામાં આવતા આખરે સરકારે નમતુ જોખ્યુ છે. ગત વિધાનસભામાં પસાર કરાયેલુ વિધેયક રાજયપાલની સહી માટે મોકલવામાં આવ્યુ હતુ તેને રાજયપાલે પરત મોકલી આપ્યુ છે. આગામી ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરના રોજ વિધાનસભા સત્ર યોજાશે જેના પ્રથમ દિવસે જ આ બિલને પરત ખેંચવામાં આવશે.

મોર્નિંગ વૉકમાં નિકળેલા પોલીસ જવાનનું વાહનની ટક્કરથી મોત

ચિલોડાના હેડ કોન્સ્ટેબલનું છોટા હાથીની ટક્કરથી મૃત્યુ : ગ-૬ થી ઘ-૬ માર્ગ પર મોર્નીંગવોકમાં નીકળેલા જવાનને કાળ ભેટી ગયો

ગાંધીનગર, તા.૧૯

વહેલી સવારે ચાલવા માટે નીકળેલા હેડ કોન્સ્ટેબલનું છોટા હાથીની ટક્કરે મૃત્યું નિપજયું હતું. ચિલોડા પોલીસ મથક ફરજ બજાવતા જવાનના અચાનક મૃત્યુને પગલે સમગ્ર પોલીસ બેડામાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. ગ-૬ થી ઘ-૬ તરફ જવાના માર્ગ પર બનાવ બન્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૭ બ્લોક નં.૪-૩૭ ખાતે દિનેશભાઈ રૂપસિંહ ખોખરીયા પરિવાર સાથે રહેતા હતા. જયારે ચિલોડા પોલીસ મથકે દિનેશભાઈ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. દરરોજ વહેલી સવારે દિનેશભાઈ ચાલવા માટે નીકળતા હતા. ત્યારે આજે પણ નિત્યક્રમ મુજબ તેઓ ગ-૬ થી ઘ-૬ તરફ જઈ રહ્યા હતા. તે સમયે છોટા હાથી નં.જી.જે.૩૮.ટી.૪૧૬૧ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ચાલતા જતા દિનેશભાઈને ટક્કર મારી હતી. જેથી દિનેશભાઈ માર્ગ પર પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે છોટા હાથીનો ચાલક હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈને ઈજાગ્રસ્ત હાલતમાં ઉંચકીને સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો.જયાં ફરજ પરના તબિબે દિનેશભાઈને તપાસ કર્યા પછી મરણ જાહેર કર્યા હતા. બનાવની જાણ થતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું. જયારે ચિલોડાના જવાનના મૃત્યુને પગલે જિલ્લા પોલીસ બેડામાં પણ શોકનું મોજુ ફરી વળ્યું હતું. ગાંધીનગર સિવિલ ખાતે પોલીસ કર્મચારીઓ, પરિવારજનો મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે પારૂલબેન દિનેશભાઈ ખોખરીયાની ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

નવરાત પર્વ પુર્વે સેકટરોમાં સ્ટ્રીટ લાઇટની ફરિયાદો ઝીરો થઇ જશે

સેકટરોમાં પાણીની નવી લાઇન નાંખવા થતા ખોદકામના લીધે સ્ટ્રીટ લાઇટો ગમે ત્યારે ડુલ થઇ જાય છે : નવરાત પર્વ નજીકમાં છે ત્યારે લાઇટો બંધ ન રહે તે માટે તંત્ર કક્ષાએથી ઝડપથી ફરિયાદો નિવારવા કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે. જો કે વરસાદી દિવસોમાં આમ પણ સેકટરોમા સ્ટ્રીટ લાઇટ બંધ રહેતા ઘણા ઠેકાણે અંધારુ છવાયેલુ જોવા મળે છે. વરસાદી વિરામ વચ્ચે નવા સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઇટો અજવાળુ આપતી થઇ ગઇ છે. ત્યારે આગામી નવરાત પર્વમાં પણ સ્ટ્રીટ લાઇટોની ફરિયાદો ન ઉદભવે તે માટે તંત્રએ અત્યાર થી ફરિયાદોનુ નિરાકરણ ઝડપથી થાય તે માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. સેકટરોમાં એકબાજુ પાણીની નવી લાઇન નાંખવા માટે ખોદકામ ચાલી રહ્યુ છે. ત્યારે ઠેર ઠેર કેબલો કટ ઓફ થતા લાઇટો ડુલ થઇ જાય છે. બીજીતરફ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પણ સંબંધિત વિભાગ સાથે સંકલન સાધવામાં આવતુ નથી જેના લીધે સ્ટ્રીટ લાઇટની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. આ સ્થિતિ વચ્ચે નવરાત પર્વમાં સેકટરોની શેરીઓમાં પુરતુ અજવાળુ પથરાય તેમજ ફરિયાદોને મહત્તમ નિવારી શકાય તે દિશામાં પણ તંત્રએ આયોજન કર્યુ છે.

ગાંધીનગરના સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે. જયારે સેકટરોમાં રાત્રિના સમયે પણ કેટલાક ઠેકાણે અંધારપટ્ટ છવાઇ જતા રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપે છે. નવા સેકટરોમાં તંત્ર દ્વારા મોટાભાગના સ્ટ્રીટ લાઇટના પોલ્સ ચાલુ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે સમારકામના અંતે હાલની સ્થિતિએ સેકટટરોમાં સ્ટ્રીટ લાઇટનુ અજવાળુ જોવા મળે છે. પરંતુ હજુ પણ કેટલાક પોલ્સ બંધ હાલતમાં છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઇન નાંખવાની કામગીરી પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં કોરોનાના પાંચ કેસ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના પાંચ કેસ નોંધાયા છે. તેમાં ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ત્રણ અને કલોલ અને માણસામાંથી મહિલા ના કેસ પોઝીટીવ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં કોરોના કેસની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી કોરોનાની સંખ્યા બે આંકડામાં નહી આવતા તંત્રએ પણ રાહતનો દમ લીધો છે. ગાંધીનગર મનપા વિસ્તારમાંથી સરગાસણમાંથી ૪૮ વર્ષિય પુરૂષનો, કોબા ખાતે ૬૯ વર્ષિય પુરુષ અને સેકટર-૧૯ ખાતે ૯૨ વર્ષિય વૃધ્ધાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com